# Amba Abhay Pad Dayani Re Lyrics

અંબા અભય પદ દાયની રે Lyrics in Gujarati

અંબા અભય પદ દાયની રે
અંબા અભય પદ દાયનિી રે,
શ્યામા સાંભળજો સાદ ભીડ ભંજની, અંબા અભય…

હેમ હિંડોળે હચિકે રે,
હીંચે આરાશુરી માત ભીડ ભંજની, અંબા અભય…

સંખીઓ સંગાથે કરે ગોઠડી,
આવે આઠમ ની રાત ભીડ ભંજની, અંબા અભય…

સર્વે આરાશુર ચોક માં રે,
આવો તો રમીએ રાસ ભીડ ભંજની, અંબા અભય…

એવે સમે આકાશ થી રે,
આવ્યો કરુણ પોકાર ભીડ ભંજની, અંબા અભય…

કોણે બોલાવી મુજને રે,
કોણે કર્યો મને સાદ ભીડ ભંજની, અંબા અભય…

મધ દરયિો તોફાન માં,
માડી ડૂબે મારું વહાણ ભીડ ભંજની, અંબા અભય…

વાયુ ભયંકર ફૂંકતો રે,
વેરી થયો વરસાદ ભીડ ભંજની, અંબા અભય…

પાણી ભરાણા વહાણ માં રે,
એ કેમ કાઢ્યા જાય ભીડ ભંજની, અંબા અભય…

આશા ભર્યો હું આવીયો રે,
વહાલા જોતા હશે વાટ ભીડ ભંજની, અંબા અભય…

હૈયું રહે નહ હિાથ માં રે,
દરયિે વાળ્યો દાટ ભીડ ભંજની, અંબા અભય…

મારે તમારો આશરો રે,
ધાઓ ધાઓ મમ માત ભીડ ભંજની, અંબા અભય…

અંબા હિંડોળે થી ઉઠયા રે,
ઉઠયા આરાશુરી માત ભીડ ભંજની, અંબા અભય…

સખીઓ તે લાગી પુછવા રે,
ક્યાં કીધા પરયિાણ ભીડ ભંજની, અંબા અભય…

વાત વધુ પછી પુછજો રે,
બાળ મારો ગભરાય ભીડ ભંજની, અંબા અભય…

ભક્ત મારો ભીડે પડ્યો રે,
હું થી એ કેમ સેહવાય ભીડ ભંજની, અંબા અભય…

એમ કહી નારાયાણી રે,
સહિ થયા અસ્વાર ભીડ ભંજની, અંબા અભય…

ત્રશિુલ લીધું હાથ માં રે,
તાર્યું વણીકનું વહાણ ભીડ ભંજની, અંબા અભય…

ધન્ય જનેતા આપને રે,
ધન્ય દયાના નધિાન ભીડ ભંજની, અંબા અભય…

પ્રગટ પરચો આપનો રે,
દયા કલ્યાણ કોઈ ગાય ભીડ ભંજની, અંબા અભય…

બધી તેની ભાંગજો રે,
સમયે કરજો સહાય ભીડ ભંજની, અંબા અભય…
અંબા અભય પદ દાયનિી રે …